# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-09-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## PM – MP અભિયાન આરંભ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે મધ્યપ્રદેશના ધાર જિલ્લાથી રાષ્ટ્રવ્યાપી “સ્વસ્થ નારી, સશક્ત પરિવાર” અભિયાન અને આઠ-મા રાષ્ટ્રીય પોષણ માસ અભિયાનનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે ધાર જિલ્લાના ભૈન્સોલા ગામમાં દેશના સૌથી મોટા પીએમ મિત્ર પાર્કનું ખાતમુહૂર્ત કર્યું. માતૃ વંદના યોજના હેઠળ નાણાકીય સહાય તરીકે 15 લાખથી વધુ મહિલાઓને નાણાકીય સહાયની ચૂકવણી કરી. શ્રી મોદીએ પીએમ મિત્ર પાર્ક માટે શુભેચ્છાઓ પાઠવતા તે ખેડૂતો અને યુવાનો માટે સુવર્ણ તક લઈને આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

-------------------------------------------------------------------------------------

## CM – હીરાબા સરોવર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાટણના સિદ્ધપુર ખાતે ગઇકાલે માતૃશ્રી હિરાબા સરોવરનું લોકાર્પણ કર્યું. દરમિયાન તેમણે સરસ્વતી નદીના નવસર્જનની કામગીરીની પણ શરૂઆત કરાવી. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યુ કે નદીના નવસર્જનથી ગાંધીનગર, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના એક હજાર 500 હેક્ટરથી વધુ વિસ્તારને પૂરક સિંચાઇનો લાભ મળશે.

-------------------------------------------------------------------------------------

## કચ્છમાં PM જન્મદિન ઉજવણી

**ગઇકાલે પ્રધાનમંત્રીશ્રી મોદીના 75 મા જન્મદિનની ઉજવણી કચ્છ લોકસભા અને સમાજ નવનિર્માણ ટ્રસ્ટ દ્વારા વિવિધ સેવાકીય કાર્યો સાથે થઇ જે અંતર્ગત ભુજના સ્મૃતિવન ખાતે**

**વિશ્વનો સૌથી મોટો શપથવિધિ કાર્યક્રમ યોજાયો. સાથે નમોવનનું લોકાર્પણ, સાધન સહાય અર્પણ તથા ભુજની ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલ ખાતે સેનેટરી પેડ વિતરણ જેવા કાર્યક્રમો કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમો યોજાયા.**

**-----------------------------------------------------------------------------------------**

## કચ્છ : PM વર્ચ્યુઅલ ઉપસ્થિમાં કાર્યક્રમ

સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન અને આઠમા પોષણ માસની ઉજવણી અંતર્ગત કચ્છ જિલ્લા તાલુકાના ઢોરી અને અંજાર તાલુકાના દુધઇ ખાતે પ્રધાનમંત્રી મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો . જેમાં મહિલાઓની આરોગ્ય તપાસણી માટે કેમ્પ, **ICDS** યોજના હેઠળ રાખતા **THR**ના પેકેટમાંથી બનતી વાનગીઓનું નિદર્શન તથા પ્રદર્શન દ્વારા જાગૃતિ ફેલાવવામાં આવી.

આ પોષણમાસ 17 સપ્ટેમ્બરથી 16 ઓક્ટોબર 2025 દરમિયાન યોજાશે જે અંતર્ગત સમગ્ર કચ્છ જિલ્લામાં મેદસ્વીતાનો સામનો, પોષણ ભી પઢાઇ ભી, એક પેડ મા કે નામ, શિશુએ બાળકોને યોગ્ય પૌષ્ટિક આહાર, વોકલ ફોર લોકલ જેવી પ્રવૃત્તિઓ **ICDS** વિભાગ દ્વારા વિવિધ સંસ્થઓના સહયોગથી કરાશે.

**-----------------------------------------------------------------------------------------**

## ગાંધીધામ : બોર્ડર જવાનો : રકતદાન

વડાપ્રધાનશ્રી મોદીના જન્મદિન નિમિત્તે ગાંધીધામના બોર્ડર સિક્યુરિટી ફોર્સની 85 મી બટાલિયનના જવાનોએ સ્વૈચ્છાએ રક્તદાન કરી નાગરિકોને પ્રેરણા પૂરી પાડી હતી.

**-----------------------------------------------------------------------------------------**

## રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ : ભુજમાં કેમ્પ

રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ અને પોષણ પખવાડિયા અંતર્ગત આગામી તા. 20 સપ્ટેમ્બરે ભુજની સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે સ્ત્રી રોગો અંગેનો ખાસ કેમ્પ યોજાશે. આગામી

શનિવારે સવારે 12:30થી 4:30 દરમિયાન યોજનાર કેમ્પનો લાભ લેવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------

## ભુજ એરપોર્ટ : યાત્રિ દિવસ ઉજવણી

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા ભુજ એરપોર્ટ ખાતે યાત્રી સેવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ભુજ ખાતે આવેલ યાત્રિ**કો**નું કુમકુમ તિલકથી સ્વાગત કરી, વિવિધ સુવિધાઓની જાણકારી આપવામાં આવી હતી. એક પેડ મા કે નામ અંતર્ગત એરપોર્ટ ભુજના અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## નવજીવન વિકલાંગ ભચાઉને રાષ્ટ્રીય એવોર્ડ

નવી દિલ્હીના હેબિટેટ સેન્ટરમાં યોજાયેલા “બી વોકલ સીએસઆર – 2025” એવોર્ડ સમારોહમાં દિવ્યાંગોના સર્વાંગી વિકાસ માટે કામ કરતી કચ્છની નવજીવન વિકલાંગ સેવાશ્રય ભચાઉને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત થયો છે. સમગ્ર ભારતમાંથી આવેલી અનેક નવીન અને સામાજિક પ્રતિબદ્ધતાવાળી અરજીઓ વચ્ચે કચ્છની આ સંસ્થા માટે આ બહુમાન ગૌરવની વાત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સંસ્થાએ વર્ષોથી દિવ્યાંગજનો માટે આરોગ્ય, શિક્ષણ, પુનર્વસન, રોજગારી, તાલીમ અને કૌશલ્ય વિકાસ જેવા ક્ષેત્રોમાં અનન્ય કાર્ય કર્યું છે. જન્મથી અંતિમ ક્ષણ સુધી દિવ્યાંગોને જરૂરી સહાયતા અને માર્ગદર્શન પૂરું પાડવાના સતત પ્રયત્નોનું પ્રતિબિંબ આ એવોર્ડ સ્વરૂપે પ્રતિષ્ઠિત માન્યતા તરીકે પ્રાપ્ત થયું છે.

---------------------------------------------------------------------------------

## ગાંધીધામ ફટાકડા સ્ટોલ

આગામી દિવાળીના પર્વ દરમિયાન ગાંધીધામ શહેરમાં અને શહેરની બહાર ખુલ્લા મેદાનમાં ફટાકડા વેચાણ માટે જેઓ હંગામી લાયસન્સ મેળવવા માંગતા હોય તેઓએ મામલતદાર કચેરી ગાંધીધામથી નિયત અરજી ફોર્મ મેળવી તા.1 ઓક્ટોબર સુધી અરજી કરવાની રહેશે. તેમ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર ગાંધીધામ દ્વારા જણાવાયું છે.

------------------------------------------------------------------------------------------

## નવરાત્રિ : કચ્છમાં વિવિધ જાહેરના

આસો નવરાત્રિ પર્વ નિમિત્તે આગામી તા.22 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર સુધી કચ્છ જિલ્લાના માતાના મઢ ખાતે આવતા યાત્રિકોની સુવિધાને ધ્યાને લઇને કચ્છના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા વિવિધ જાહેર બહાર પાડવામાં આવેલ છે.

જે મુજબ માતાના મઢ ખાતે મંદિરમાં મોબાઇલ, કેમેરા, શંકાસ્પદ વસ્તુ અને શ્રીફળ લઇ જવાની મનાઇ ફરમાવવામાં આવેલ છે. પદયાત્રિકોની સુવિધાને ધ્યાને લઇ ટ્રાફિક નિયમન માટે આ રસ્તા માટે ભારે વાહનોની અવર-જવર પર મનાઇ ફરમાવવામાં આવી છે તથા પદયાત્રિકો માટેના સેવા કેમ્પો રોડની બન્ને બાજુ અને પદયાત્રિકોને અડચણ ન થાય તે રીતે રાખવાના રહેશે તથા જે-તે સંસ્થા તરફથી યોજાયેલા કેમ્પની પુરી વિગતો આપવાની રહેશે. પ્લાસ્ટિકની થેલીનો ઉપયોગ ન કરવા, વધારાના સ્પીડ બ્રેકર ન બનાવવા અને કચરાનું વ્યવસ્થાન કરવાનું રહેશે.

તો નવરાત્રિ પર્વ દરમિયાન યોજાતા કોમર્શીયલ અને સાર્વજનિક રીતે યોજાના ગરબા કાર્યક્રમો માટે યોગ્ય મંજૂરી મેળવવી. આ કાર્યક્રમોમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગરબાઓ રાત્રે 12 વાગ્યા સુધી ચાલુ રાખવા, સીસીટીવી કેમેરા ગોઠવવા, રેકોર્ડિંગ રાખવી, સિક્યુરિટીની વ્યવસ્થા કરવાની રહેશે.

------------------------------------------------------------------------------------------